

> **અમેરિકા, ચીન, જાપાન, તાઇવાન, કોરિયા ટૂંકમાં દરેક વિદેશીથી લઇ સ્વદેશી કંપનીઓના મોબાઇલ ભાટિયા મોબાઇલમાં મળી રહે છે.**

# ગુજરાતના મોબાઈલના કિંગ

**સંજીવ ભાટિયા**
ભાટિયા મોબાઇલ

સમગ્ર ગુજરાતમાં જ્યારે મોબાઇલ ખરીદવાની વાત આવે ત્યારે ગ્રાહકોના દિમાગમાં પ્રથમ એક જ નામ આવે ભાટિયા મોબાઇલ. સુરતમાં જ નહિ આખા ગુજરાતમાં મોબાઇલના કિંગ તરીકે મશહૂર ભાટિયા મોબાઇલની શરૂઆત ખૂબ જ નાના પાયે થઇ હતી.

આજથી ૨૦ વર્ષ પહેલાં સુરતમાં ભાટિયા મોબાઇલનો પાયો નંખાયો હતો. સુરતના શ્રી હરવસલાલ ભાટિયાને મોબાઇલનો બિઝનેસ કરવાનો વિચાર આવ્યો. આ એ સમયગાળો હતો જ્યારે ધીરે ધીરે મોબાઇલ લોકોની અભિન્ન જરૂરિયાત બનતો જઇ રહ્યો હતો. હરવસલાલ ભાટિયાએ પોતાનાં બે સંતાનો સંજીવ ભાટિયા અને નિખિલ ભાટિયા સાથે મળી વર્ષ ૧૯૯૮માં મોબાઇલના બિઝનેસની શરૂઆત કરી. કોઇ પણ બિઝનેસ હોય તેમાં જ્યાં સુધી તમે ગ્રાહકોનો વિશ્વાસ સંપાદન ન કરી શકો ત્યાં સુધી તમે સફળ થઇ શકો નહિ. ભાટિયા મોબાઇલે પણ સૌ પ્રથમ ગ્રાહકોનો વિશ્વાસ મેળવવાનું કામ કર્યું, આ માટે બેસ્ટ ક્વોલિટી અને નાના બજેટથી લઇ મોટા બજેટ સુધીના દરેક પ્રકારના મોબાઇલ ઉપલબ્ધ કરાવ્યા. આ સાથે લોકો સુધી પહોંચવા માટે તેમના સુધી માહિતી પહોંચાડવી પણ ખૂબ જ જરૂરી હોય છે, આથી જાહેરાતોનો સહારો લીધો. આ સાથે તેમણે ગ્રાહક જ અંતે તો સફળતાનો પાયો છે તે ન્યાયે પોતાને ત્યાં આવનાર દરેક ગ્રાહકને યોગ્ય માન સન્માનની સાથે જે તે કંપનીના મોબાઇલ તેની ખાસિયત તથા તેના વપરાશ અંગે પણ યોગ્ય સમજ આપવામાં આવી ઘણી વાર ગ્રાહકને કઇ કંપનીનો મોબાઇલ ખરીદવો તે અંગે કન્ફ્યુઝન હોય છે. ભાટિયા મોબાઇલ તેમની આ મુંઝવણને પણ દૂર કરી તેમને તેમના બજેટ અનુસાર મોબાઇલ પસંદ કરવામાં મદદ કરે છે.

ભાટિયા મોબાઇલના સતત વધતા બિઝનેસ અંગે સંજીવભાઇ ભાટિયા પોતાના અનુભવને શેર કરવા જણાવે છે કે, વર્ષ ૧૯૯૮થી જ્યારે અમે અમારા બિઝનેસની શરૂઆત કરી ત્યારથી વર્ષ ૨૦૦૨ સુધી અમારા માત્ર ૨ થી ૩ જ સ્ટોર કાર્યરત હતા. ત્યાર બાદ સતત ગ્રાહકોની માંગ વધતા વર્ષ ૨૦૦૫માં અમ ૨ જેટલા સ્ટોર છે. ભાટિયા મોબાઇલે પોતાના બિઝનેસને આગળ વધારતા શહેરના જુદા જુદા વિસ્તારોમાં પોતાની બ્રાન્ચ શરૂ કરી. કર્મચારીઓના સાથ અને ગ્રાહકોના મીઠા પ્રતિસાદ ભાટિયા મોબાઇલને ફળ્યા. તેમનો વ્યવસાય ખૂબ જ તેજ ગતિથી આગળ વધી રહ્યો છે.

ભાટિયા મોબાઇલમાં દરેક ટાઇપના દરેક સ્ટાઇલના, દરેક બ્રાન્ચના, દરેક મોડલના, દરેક રંગના અને દરેક બજેટના મોબાઇલ મળી રહે છે. અમેરિકા, ચીન, જાપાન, તાઇવાન, કોરિયા ટૂંકમાં દરેક વિદેશીથી લઇ સ્વદેશી કંપનીઓના મોબાઇલ ભાટિયા મોબાઇલમાં મળી રહે છે. માત્ર મોબાઇલ જ નહીં તેને લગતી તમામ પ્રકારની એસેસરીઝ અને પાર્ટ ભાટિયા મોબાઇલમાં સહેલાઇથી મળી રહે છે. માત્ર બે સેન્ટરથી શરૂ કરેલી ભાટિયા કંપની આજે ૧૦૦ થી વધુ રિટેલ્સ સ્ટોર ધરાવે છે. આજે તે એક પબ્લિક લિમિટેડ કંપની બની ચૂકી છે અને બી.એસ.સી.ના લીસ્ટમાં પણ સામેલ થઇ ચૂકી છે.

વધુ જાણવા QR સ્કેન કરો



If you are not willing to risk the unusual, you will have to settle for the ordinary. - Jim Rohn